સાલ : ૨૪ / સિલસિલાવાર નંબર : ૧૯૩ / શુમારો : ૧
بسم الله الرحمن الرحيم
ફુલ પાના - ૧૬

مشكوة الهادي
MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
મોહર્રમુલ હરામ - સફરૂલ મુઝફ્ફર ૧૪૪૮ / જૂન-જૂલાઇ ૨૦૨૬

## મદ્રસએ હુસૈનીયહ

-: ૧૦ સબકો :-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "મારા હુસૈનથી હું બાકી છું અને મારૂં દીન બાકી છે. મારા અહલુલ બૈતની માઅરેફત અને મંઝેલત મારા નવાસા હુસૈનથી છે. એ ઈમામ બનનાર છે, મારૂં નૂર એમાં દાખિલ થાનાર છે, એ જામે શહાદત નૌશ કરનાર છે અને જન્નતના જવાનોના સરદાર બનનાર છે. અફસોસ છે એ લોગો પર કે, જે ઈબાદત તો કરે છે, મગર ઈબાદતના સાહેબને પહેચાનતા નથી. કિબ્લા તરફ મૂँહ તો કરે છે, મગર હકીકી કિબ્લાને ઓલખતા નથી, કુરઆન તો પઢે છે, મગર કુરઆનના નાતિકની બેહુરમતી કરે છે."

આપના આ કલામથી મૌ. ઈમામ હુસૈન (અ.સ.) નો દરજો રોશન થાય છે અને આપ તેમજ આપના દોઆત હર ઝમાનમાં કઈ તરહ હક્ક પર છે, તે જાણા બાવુજૂદ લોગો જૂઠનો સાથ આપીને કઈ હદ તક આપના ખિલાફ થશે તેનો સાફ-સાફ અંદાઝો થઈ જાય છે. મગર ઝમાનામાં લોગો કેવા પણ હોય આપ અને આપના અસ્હાબ પૈગામે શહાદતના આઅલા મોતીઓ મુમેનીનને દરમિયાન આ તરહ વંખેરી ગયા છે કે, જેને ૧૦ નુક્તાઓ અને સબકો માં પૈશ થઈ શકે છે.

**ફોયૂઝાતે બુકા અને સાલે નૌ ની આમદ – હિ.૧૪૪૮**

**કારેઇન મુઅઝ્ઝેઝીનને હિ.૧૪૪૮ નું નવું સાલ મુબારક થાય. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆએ બાઅસરના સબબ અલ્લાહતઆલા મોહર્રમુલ હરામ મહીનાના પહેલા દસકા-અશરહ મુબારકહ માં હુસૈનીઓ-માતમદારો પર આહોઝારી અને અશ્કબારીની જન્નતી બારિશ વરસાવે છે. મૌ.ઇમામ હુસૈન (અ.સ.) ની આ બરકતના સબબ હમારી શફાઅત છે અને ઊંચા દરજાત છે, જેની શરફયાબી અને ફઝલનવાઝી જમાઅતે અલવીયહના તમામ મુમેનીનને મુબારક થાય.**

(૧) **શજાઅત :** આપના એલચી-સફીરે કૂફા મૌ.મુસ્લિમ બિન અકીલ (અ.સ.) એ લઈન ઈબ્ને ઝિયાદને દગા અને ધોકાથી કત્લ ના કીધો, જે વક્ત એ શરીકના ઘર પર મિઝાજપુરસી વાસ્તે આવો હતો. હકીકી ઈમાનદાર મુમિને ઈમામે હક્ક કોઈને દગાથી મારતા નથી.

(૨) **સબર :** મૌ. અબુલ ફઝલ અબ્બાસ અલમદાર (અ.સ.) લબે ફુરાત પર પહોંચી તો ગયા, મગર આકા હુસૈન (અ.સ.), લાડલી સકીના અને અહલુલ બૈતના મસ્તૂરાતની પ્યાસને યાદ કરીને પાનીનો એક કતરો પણ પોતાની ઝબાન પર ના લીધો. ફૌરન પાનીથી મશ્કીઝો ભરીને ખૈમા તરફ, કસ્દ કીધો કે અહલુલ બૈત અને બચ્ચાંની પ્યાસ બુઝી શકે. આ છે અલ્લાહતઆલાની નેઅમત પર સબર.

(૩) **અદલ :** મૌ. અબ્બાસે આપના કટ્ટર દુશ્મન લઈન સફવાનને કત્લ ના કીધો મગર ફક્ત ઝખ્મી કીધો. કેમકે, દૌરાને જંગ સફવાન લઈને આપને એક તીરથી જ ઝખ્મી કીધા હતા. જે મિસિલ વાર તે મુજબ તેનો જવાબ. આ છે ઈન્સાફે અબ્બાસી.

(બકીયહ પેજ નં. ૨ પર)

**ઈખ્લાસથી કીધેલો અમલ ખૂબ તાકત રાખે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

**(૪) કરમ :** ઈમામે હક્ક મૌ. હુસૈન પર લઈન તમીમે જે વક્ત હમ્લો કીધો તો આપે એને ઝખ્મી કીધો મગર કત્લ ના કીધો અને એની હાજિત મુતાબિક એને એના ખૈમામાં પહોંચાવી દીધો. આ છે કરમે હુસૈની.

**(૫) રહેમ :** તમીમનો ભાઈ આ જોઈ છે પણ શુક્રિયા અદા કરવાને બજાય એં ઈમામે હક્ક પર હમ્લો કરે છે. આના જવાબમાં ઈમામ હુસૈન એને ઘોડા પરથી નીચે પટકી દે છે. એ ખૂબ-ખૂબ મુઆફી માંગે છે અને તેને ઈમામ કાબિલે કુબૂલ ફરમાવે છે. આ રહીમાના સુલૂક જોઈને એ મૈદાને જંગ છોડીને ચાલો જાય છે.

**(૬) વફાદારી :** શિમ્ર લઈન, મૌ. અબ્બાસનો રિશ્તેદાર હોય છે. એ લઈન મૌ. અબ્બાસ વાસ્તે અમાનનામું લઈને આવે છે. આપ જવાબ આપતા નથી, તો ઈમામ હુસૈન, ભાઈ અબ્બાસને સિલતુર્રહમ અદા કરવાનું કહે છે, યાઅની જવાબ આપવાનું કહે છે. તો આપ જવાબમાં તે અમાનનામાનો ઈન્કાર કરી દે છે અને આપના ભાઈ હુસૈન તરફની વફાદારીનો પુરજોશ ઈઝહાર કરે છે.

**(૭) સખાવત :** મૌ. હુસૈન સામે હુર લશ્કર લઈને આવે છે. આપ ઈમામ એના લશ્કર અને તે સાથે જાનવરોંને લબે ફુરાત પરથી પાની પીવા દે છે. તે વક્ત આપના કબ્ઝામાં ફુરાત હોય છે. આપ ચાહતે તો પલભરમાં હુરના લશ્કરનો ખાતેમો કરી દેતે. પણ આપ તો સખાવતના દરીયા હતા અને આ જ મૌ.હુર આપ ઈમામના ફિદાઈ બનીને આપના કદમ પર પોતાની જાનને કુરબાન કરી દે છે.

**(૮) ખુશ કલામી - ખુશ સુલૂકી :** અહલુલ બૈત (અ.સ.) ના ખૈમાઓ ફુરાતથી દૂર કરી દેવામાં આવા તો જવાનોએ ખૈમાઓને પાછલ ખંદક ખોદવાનું શુરૂ કીધું, તો હુસૈની અસ્હાબ સાથે શિમ્ર લઈન બદતમીઝી, બદ સૂલુકી અને બદકલામી કરવા લાગો. જે વક્ત ઈમામે હક્કના કાન પર આ વારેદાતની ખબર પહોંચી, તો આપે તમામને રોકી લીધા અને જવાનોને કહ્યું કે, "અપનો મકસદ આનો જવાબ આપવાનો નથી પણ ખામોશી સાથે ખુશ-સુલૂકીનો ઈઝહાર કરવાનો છે."

**(૯) ઇબાદત :** ૯ મી મોહર્રમના દિન યઝીદીઓએ એલાને જંગ કીધું મગર ઈમામે હક્કએ એક રાતની મોહલત માંગી તે વાસ્તે કે ઉમ્મતને ઈબાદત, દોઆ, નમાઝ, તિલાવત, ઈતાઅત, જાઁનિસારી, વફાદારી અને ઝોહાદત નો સબક આપે. આ તમામ સબકોમાં ઈબાદત સરે ફહેરિસ્ત છે.

**(૧૦) જાઁનિસારી અને જાઁફિદાઇ :** યૌમે આશૂરા, વક્તે અસ્ર જંગ શુરૂ થઈ ગઈ હતી કે મૌ.હુસૈન નમાઝ અદા કરી રહ્યા હતા. તીરોંની બારિશ થઈ રહી હતી કે, આપના અસ્હાબમાંથી એક ફિદાઈ સઈદ, ઈમામે હક્કની હિફાઝત વાસ્તે આપના આગલ ઊભા થઈ ગયા અને તીરોંને પોતાના જિસ્મ પર ઢાલ જેમ લેતા ગયા. નમાઝ પૂરી થાવા તક સઈદનું જિસ્મ તીરોંને સબબ છલની થઈ ગયું હતું. ઈમામે હક્કએ સલામ વાલો, સઈદ આપના ઉપર સલામ પઢતા પઢતા શહીદ થઈ ગયા. ✯

## મિશ્કાતુલ હાદી ની ૨૪વી સાલગિરહ

અખ્બારો નસીહત કા સફર જારી હે,
દાઈ કી દોઆઓ કા અસર જારી હે,
યે શમ્અ હે ૨૪વી હિદાયત કી,
અલ્લાહ સે ખિદમત કા અજર જારી હે.

**દુનિયાના કોઈ હાલાત તેને બદલી શકતા નથી.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો

**કિસ્ત - ૨૭**

### વફાદારીની ઝિક્ર

મુત્મઈન અને પાકીઝા નફસો-જાનોના નૈક અખ્લાક અને બહેતરીન ચાલ-ચલણોમાંથી વફાદારી એક આઅલા જૌહર છે. વફા અને વાઅદાને નિભાવનાર શખ્સની આબરૂ લોગોમાં વધે છે અને એના વાસ્તે ખૈર ગુમાન અને નૈક વિચારો પૈદા થાય છે. હિકમતના લોગો કહી ગયા છે કે, "જો વાઅદો-વચન એક ચહેરા મુજબ છે, તો તે ચહેરાની ખૂબસૂરતી તે વાઅદાને પૂરૂં કરવામાં છે." બીજી એક મિસાલ એવી છે કે, "જો વાઅદો વાદલ મુજબ છે તો તે વાઅદાને વફા કરવું, તેમાંથી નાઝિલ થાનાર વરસાદ છે." બીજા એક કલામમાં છે કે, જે વક્ત તું કોઈ બાબતમાં "હાઁ" કહે યાઅની કે વાઅદા ને પૂરો કરવાનો ઈકરાર કરે, તો તે કામ-વાઅદાને પૂરો કરજે. સબબ કે, "**હાઁ**" કહેવું એક મરદે બાવફા અને શખ્સે બાઈમાનના માથા ઉપર દેવું ગિનાય છે. જો તારાથી તે કામ ન બની શકતું હોય તો પહેલાથી જ "**ના**" કહી દેજે, જેથી તુંને પણ રાહત મિલે અને બીજાને પણ રાહત થઈ શકે. આ સાથે લોગો તુંને જૂઠો અને બેવફા નહીં કહી શકે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**આ જહાનમાં હરએક નફસને તેની તાકત મુજબ જ તકલીફ આપવામાં આવી છે.**" તે બરદાશત કરી શકે એટલો જ બોઝ તેના પર નાખવામાં આવો છે. આમ ના હોય ને તો તે નાફરમાની પર ઉતરી જાય અને ખૂબ જ આસાનીથી શયતાન તેને પોતાનો શિકાર બનાવી લે. બયાનમાં આવેલું છે કે, તારા હાથને જે મિલે તે વાસ્તે શુક્ર કર, કેમકે તમામને આ મુજબ મિલતું નથી. જે ચીઝ તું બીજાને આપે તે પર પણ શુક્ર કર,કેમકે તમામ આ મુજબ આપી શકતા નથી. બીજાને આપેલો વાઅદો તમામ વફા કરી શકતા નથી અને જો તું તેને વફા કરે તો શુક્ર કર અને વાઅદો કીધા બાદ તેનાથી ખિલાફ જાવાથી તું હમેશા હમેશા ડર.

સખી મરદનો વાઅદો રોકડો અને જલ્દી પૂરો થાનાર હોય છે. નીચ અને બેગૈરતનો વાઅદો કાચો અને બેભરોસા વાલો હોય છે. સખી શખ્સને એનો વાઅદો નિભાવવાની અને વક્તસર તેને બહેતરીથી અંજામ પર પહોંચાવવાની ફિકર રહે છે. **હર હાલમાં તેને બિલા કુસૂર પૂરો કરવાની કોશિશ કરા કરે છે.** મગર, બેશરમ શખ્સને વાઅદો શું તેની કોઈ પરવાહ હોતી નથી. એ આજકાલ કરવામાં જ વક્તને ગુઝારી દે છે અને લંબી મુદત તક વાતો જ કરા કરે છે અને તે વાસ્તે એના પાસે કોઈ વાજિબી સબબ હોતો નથી. ✩

## મારો પણ હિસ્સો છે

ઈમામે આલે મોહંમદ (સ.અ.) અલ્લાહતઆલા તરફથી મખ્સૂર સાહેબ હોય છે, મહેબૂબતરીન બંદા હોય છે, ઈસ્મતની ચાદરવાલા હોય, બેગુનાહીના સરચશ્મા હોય છે, મોઅજિઝાતના મઝહર હોય છે, ઈલાહી આયતોના ઝાહિર કરનાર હોય છે. મુમેનીનના આઅમાલથી ઈલ્મદાર અને ખબરદાર હોય છે, હરએક ચીઝની હકીકતથી આશ્ના હોય છે.

આ જ અઈમ્મતે હક્કના સિલસિલાના પાઁચમા ઈમામ મૌ.અબૂ અબ્દિલ્લાહ જાઅફર અસ-સાદિક (અ.સ.) મક્કા પધારા અને હરમની હદના નઝદીક પહોંચા અને ત્યાં આપના અને અસ્હાબના ખૈમાઓ ને નસબ કીધા, તે વક્ત દોઆ ફરમાવી કે, "અય મારા પરવરદિગાર ! આ તારો બંદો તારા હરમમાં જાવાની નિય્યત રાખે છે, તું એના પર કરમ ફરમાવ. આ સાથે એ બે ચીઝોનો તલબગાર છે. જો તારા તરફથી ઈનાયત થાય તો ઘણો આસરો થઈ જાય. **એક છે અહેરામ નું કપડું અને બીજું જમવાને વાસ્તે અંગૂર-દરાક.**"

(બકીયહ પેજ નં. ૫ પર)

**તે અમલ અલ્લાહતઆલાની નઝરમાં મહેબૂબ છે.**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

**આયત ૬૨ :** **માઅના :** બેશક ! જે લોગો ઈમાન લાવા અને જેઓ યહૂદી બના યા નસરાનીઓ થયા યા સાબેઅહના ગિરોહમાં શામિલ થયા, તેઓ માંથી જે અલ્લાહતઆલા અને આખિરી દિન યૌમે કેયામતનું ઈમાન લાવા અને સાથે નૈક અમલ કીધા, તો એ મુમેનીન વાસ્તે એમના રબ્બને નઝદીક અજરો સવાબ છે અને ના તો તેઓને કોઇ ખૌફ હશે અને ના તેઓ ગમગીન થાશે.

**તશ્રીહ :** અલ્લાહતઆલા હરએક શખ્સનો આ દુનિયામાંથી ખાતેમો કરે છે. આ ખાતેમો બે તરહનો છે : (૧) ખાતેમો બિલ ખૈર અને (૨) ખાતેમો બિશ શર.

ખાતેમો જે વક્ત થાય તે વક્ત એ શખ્સથી એના આઅમાલનો હિસાબ-કિતાબ થાય છે. **જે શખ્સ ઇમાન પર હોય એ ખૈર જોઇ છે અને જે કુફ્ર પર હોય એ શર જોઇ છે.** એક ઝર્રા બરાબર પણ નૈકી યા બદી ઝાયેઅ થાતી નથી, મગર અલ્લાહતઆલા એ અમલ કરનાર શખ્સ નઝદીક એની નઝરને સામે પૈશ કરી દે છે. નૈકી કરનાર એની નૈકીની જઝા જોઇને ખુશ થઇ જાય છે અને બદી કરનાર એની બદીથી ઈન્કાર કરી શકતો નથી અને તેની સઝા જોઇને શરમિંદા થઈ જાય છે.

મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી લઈને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક ઘણા મઝહબો વુજૂદમાં આવા. કોઇ ઈલાહી કિતાબને આખિરી કિતાબ માનીને અને કોઇ નબીને આખિરી નબી માનીને, એવા લોગો પોતાનું એક મઝહબ લઈને બેસી ગયા. તેને કોઇ એક નામથી શનાખ્ત આપી દીધી અને એમ સમઝી બેસા કે, તે મઝહબ જ આખિરી છે અને તેઓ હક્ક પર છે.

મગર હકીકત તો એ છે કે, તેઓ ભારી ગલતફહેમીનો શિકાર થઇ ગયા. આ તમામ મઝહબો દીને હક્કમાંથી જુદા થયેલા છે અને ઝમાનો ગુઝરતા તેમાં બેશુમાર બિદઅતો દાખિલ થઇ ચુકી છે અને તે મઝહબો અસલી હાલત પર બાકી રહ્યો નથી. આ મઝહબો કે, જેમાં યહૂદીઓ, નસરાનીઓ, મજૂસીઓ, સાબેઇન વગૈરહ શામિલ છે, તેના ઈબ્તેદાઇ મરહલામાં તેમાં એવા લોગો પણ હતા કે, જેમને ગુમ્રાહી અડકી તક ન્હોતી. તેઓ એમ હરગિઝ ન્હોતા કહેતા કે, તેઓનો મઝહબ જ આખિરી છે. **પણ તેઓ આખિરી નબી મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મબઊસ થાવાના યાઅની આખિરી નબી બનવાના ઇન્તેઝારમાં હતા.** આ તરહ દીને ઈસ્લામ કામિલ થયું તે પહેલાના બનેલા મઝહબોમાંથી એવા આકિલ-ખાલિસ લોગો ઈમાનવાલા હતા, મુમેનીનના લકબના હામિલ હતા. તેઓનું ઈમાન સાબિત હતું.


રસૂલુલ્લાહ બાવાજીએ હિજરત બાદ મદીનામાં દીને ઈસ્લામને નશર કરવાની શુરૂઆત કીધી, તો ઉપર મઝકૂર કૌમોમાંથી ઘણા મુમેનીન આપની ખિદમતે નબવીયહમાં આપની નુબૂવતને તસ્લીમ કરીને પૈશ થયા. અલ્લાહતઆલાની વહેદાનીયતને કુબૂલ કીધી. યૌમે કેયામત પર ઈમાન લાવા. કુરઆને કરીમ પઢવા લાગા. ઈબાદતોમાં શામિલ થઇ ગયા. **લેહાઝા તેઓને પોતાનું જૂનું મઝહબ કઇ નુકસાન નહીં કરી શકે.** તેઓનો ખાતેમો ખૈર પર થાશે. તેઓને કોઇ જ ડર નહીં હોય યા તો અઝાબનો કોઇ ખૌફ હશે. તેઓનું હક્કના નબીને કુબૂલ કરવું તેઓના આગલા મઝહબી અમલો પર પડદો પાડી દે છે.

મૌ.ઈબ્રાહીમ નબીના દૌરનો જૂનો ફિરકો કે જેઓ સિતારાઓ અને ફરિશ્તાઓની પૂજા કરે છે અને કાઅબા તરફ રૂખ કરીને ઈબાદત કરે છે તેમાંથી ચંદ મુમેનીન થયા, મૌ.મૂસા નબીને માનનારી કૌમ યહૂદ અને (બકીયહ પેજ નં. ૬ પર)

**આ અમલ કરનાર મુમિનના દરજાત વધે છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**



૧) કરબલાએ મુઅલ્લામાં શોહદાએ હક્કના ------ ના કતરાઓની શહાદતની બરકતથી આજે દીને હક્કમાં રોનકો રોશની બાકી છે. (૨)

૨) ------ ના દરખ્તની ઝિક્ર મૌ.નૂહ નજીયુલ્લાહના વક્ત પાનીના સૈલાબના બયાનમાં આવેલી છે. (૩)

૩) સૈયેદુશ શોહદા મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના હરાભરા-આબાદ કુંબા પર ખિઝાની હવા ચાલી અને આપનો બાગ બરબાદ થઈ ગયો, મગર આ કુરબાનીના સબબ બુસ્તાને ઈસ્લામમાં એક નવી ------- રૂનુમા થઈ. (૩)

૭) હુસ્નુઝઝન યાઅની બહેતર ગુમાન અને સૂઉઝ ------ યાઅની ખરાબ ગુમાન, એમ અરબીમાં માઅના થાય છે. (૨)

**✵ આડી તરકીબ :**


૨) ખ્વાહરે મૌ.ઈમામ હુસૈન (અ.સ.), મૌ. ------ (અ.સ.) હરમે કરબલા માં ઈમામતના કાઅબાના પડદા બનીને ઈમામી બૈતની હિફાઝત કરે છે. (૩)

૪) કરબલાનો મકસદ અને સબક કેંયામતના દિન તક ઝિંદા રહેશે. મકસદને ગુજરાતીમાં શું કહેવાય છે ? (૨)

૫) કરબલાનું મૈદાન નજાતની કિશ્તી હતી કે, જેના ઈમામે મઝલૂમ, નાખુદા અને હિદાયતનુમા હતા, હિદાયતનુમા સાહેબને શું કહેવાય છે ? (૨)

૬) ઈમામ આલી મકામ અલ્લાહતઆલાના નૂરની ------ થી જોઈ છે અને કોઈ પણ શખ્સના ઈમાનને પહેચાની લે છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**નોંધ :** લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે.✩

(પેજ નં. ૩ નું બાકી)

આપની દોઆના કલામ પૂરા થયા નથી કે, એક શખ્સ આપના નઝદીક હાઝિર થયો કહે છે કે, “અય ઈમામ ! હું આપની માઅરેફત રાખું છું. હું યમનથી આવેલો છું, આપના શીઆઓની જમાઅતમાંથી છું. હું કાપડ અને ફલોનો વેપાર કરૂં છું. આપના વાસ્તે આ સુતરાવ કપડું અને અંગૂર હદીયાના તૌર પર લાવો છું. આપ તેને કુબૂલ ફરમાવો અને મારા વાસ્તે દોઆ કરો.”

ઉમ્રહથી ફારિગ થયા તો ઈમામ આલી મકામ અસ્હાબ સાથે અંગૂર જમવા બેસા. એક શખ્સ કે જેએ આપની અહેરામ વાસ્તેની દોઆ સાંભલી હતી એ આપના પાસે આવીને બેસી ગયો. આપે કહ્યું કે, “અય ભાઈ ! અંગૂર જમો.” એં કહ્યું કે, અય સાહેબ ! આમાં મારો હક્ક છે. આપે પૂછ્યું, તે કઈ તરહ ? એ બોલો, જે વક્ત આપ અહેરામ અને અંગૂર વાસ્તે દોઆ કરી રહ્યા હતા, તે વક્ત મૈં આમીન કહ્યું હતું. આપે ફરમાવું, **“ બિલકુલ સહી છે. તારો પણ આમાં હક્ક છે. ”** અંગૂરની નેઅમતને તમામ સાથે જમા. પછી આપે ફરમાવું કે, “અહેરામના આ કપડામાંથી લે એક કપડું તું લઈ લે.” એ શખ્સે કહ્યું, “ના સાહેબ ! આપનું અહેસાન. મને કપડાની કોઈ ઝરૂરત નથી.” દોઆ બાદ **“ આમીન ”** કહેવું તેની મકબૂલીયત વાસ્તે મુફીદ હોય છે. ✩

**આ અમલ કરનાર “ આમિલ ” નો સચ્ચાઈ અને સબરથી ઈમ્તેહાન થાય છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૧૩

ગુઝરનાર ઈમામ, એના ફરઝંદો માંથી આવનાર ઈમામના કફીલ-કફાલત કરનાર, પરવરિશ કરનાર. મુકર્રર કરી જાય, તે હાલમાં કે ઈમામને પોતાની મૌતનું યકીન થાય યા જાનનો ખતરો હોય યા દુશ્મનોના મકરો ફરૈબનો ડર હોય. આ બચ્ચા કે જે મુસ્તકબિલમાં ઈમામતના મન્સબને લાઇક બનશે, એની પરવરિશ અને પોતાની ની ગૈરહાઝરીમાં બાવાજી એ બચ્ચાના કફીલ કરે છે. જે વક્ત એ એની ઉંમરની હદ તક પહોંચે છે, યાઅની કે, બાલિગ થાય છે અને કારે ઈમામતના બોજ ને ઉઠાવવા અને નિભાવવા વાસ્તે તૈયાર થાય છે, તે વક્ત કફીલ એ સાહેબ કે, જે હવે દાએરએ કમસિની માંથી નિકલીને દાએરએ બુલૂગમાં દાખિલ થઇ ચુકા છે, **એની વિરાસત એને સોંપી દે છે.**

આ શાકેલત એવી છે કે, કોઇ ઈમામના સિન્ને બુલૂગ તક પહોંચતા પહેલા જ એના બચપણામાં એના બાવાજી સાહેબ જે એના ઉપર નસ્સ કરનાર હોય, એનો ઈન્તેકાલ થઇ જાય, તે પહેલા કરીબ છે કે, એ બાવાજી એના દીકરા વાસ્તે એવા શખ્સે બાવફાને એના કફીલ તરીકે કાઇમ કરે કે જે કફીલ એ **ઇમામે કમસિન ની બાકમાલ પરવરિશ કરે** અને વક્તી તૌર પર એની જગા પર રહીને ઝાહિરી શરીઅત અને બાતિની દાઅવત કાઇમ કરી શકે. નમાઝો, ખુત્બા, અહદો-મીસાક, નજવા, શરવા, સિલતુલ ઈમામ, નઝરૂલ મકામ, હુકૂકુલ ઈમાન, ઝકાતુર્રાસ, ઝકાતુલ માલ વગૈરહ ઊમૂરની તવલ્લી કરે. ઈમામે હક્ક તરફ તમામ ઊમૂરને રૂજૂઅ કરે, **બાવુજૂદ કે ઇમામ કમસિન હોય.**

કફીલે ઈમામ પોતાની આ ઝિમ્મેદારી તે વક્ત તક વફાદરી સાથે નિભાવે જહાઁ તક ઈમામે કમસિન બાલિગ થાય, મમ્લેકત અને દાઅવતના ઊમૂર-કામો પોતે બરાબર સંભાલી લે. **કારે ઇમામતને એના મકસદો મંઝિલ તક પહોંચાવી લે.** આ મિસિલ જે વક્ત કફીલ અમલ કરે તો આમ લોગો કે જે ઈમાન અને યકીનના ઝઈફો હોય, ફિકરો ખયાલના કમ્ઝોર હોય, તેઓના દિલને સુકૂનો ઈત્મિનાન પહોંચે. સબબ કે, ઈમામતના ભેદ-ભરમથી એ લોગો બિલકુલ નાઆશ્ના અને બેખબર હોય છે. બાતિની દાઅવત તરફ તેઓનું રૂજહાન ઓછું હોય છે. દીનની લુગામને બરાબર થામનાર જે કોઇ મઝબૂત સાહેબ તેઓની નઝરને સામે હોય તો તેઓ બેફિક્રીથી એ સાહેબને તાબેઅ થઇ જાય છે અને એના ફરમાનો હુકમ ખિલાફ કોઇ લફ્ઝ બોલી શકતા નથી. આના સબબ આસાનીથી કારે ઈમામતનો કારવાઁ ચાલા કરે છે. લેહાઝા, કફીલે ઈમામની ઝરૂરત પૈશ આવે છે, હાલાંકે ઈમામે હક્ક એની પૈદાઇશના વક્તથી જ કામિલુલ ઈમામત હોય છે અને એના વાલિદ યાઅની ગુઝરનાર સાબિક ઈમામ એના કાબિલ દીકરા પર નસ્સ કરીને અહલે દાઅવતને આગાહ કરી દે છે અને નસ્સે જલી યા નસ્સે ખફીના વક્તથી જ ઈમામ, ભલેને કમસિન બચ્ચા હોય, **દીને હક્કના તમામ મરતબાઓના માલિક હોય છે.** ☆

---

(પેજ નં. ૪ નું બાકી)

મૌ.ઈસા નબીને માનનારી કૌમ નસરાની, તેમાંથી ચંદ મુમેનીન થયા. આ લોગો તેઓના જૂના મઝહબની અસલીયતને જાણતા હતા અને **હક્કતઆલા તરફથી એક નબીએ આઅઝમના મુન્તઝિર હતા,** વાર જોતા હતા, ખુદના આઅમાલમાં કમી છે તે જાણતા હતા. તેથી દુનિયાના હુઝન, ગમ અને મુસીબતથી છુટકારા વાસ્તે તેઓએ રસૂલુલ્લાહ બાવાજીની દાઅવતે ઈસ્લામીયહને કુબૂલ કરી લીધી અને આખેરત વાસ્તે રાહે નજાતની મંઝિલોને તય કરવા વાસ્તે આગલ વધી ગયા. ☆

**આ અમલ કરનાર મુમેનીનના સરદાર અહલે બૈતે રસૂલ (સ.અ.) છે.**

## દીવાને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)

### કિસ્ત - ૨૬

**શેઅર : અકબિલ અલલ ઇસ્લામે ઇન્નકા જાહેલુન, વતજન્નબિલ ઉઝ્ઝા વ રબ્બકા ફઅબોદા.**

**તરજુમો** : દીને ઈસ્લામને કુબૂલ કરવા પર તું ગૌરો ફિકર કર, બેશક ! તું બેખબર જાહિલ છે. ઉઝ્ઝા જેવી પત્થરની મૂરતથી અને તેની ચાકરી કરવાથી દૂર થા. તારા રબ્બ અલ્લાહતઆલાની ઈબાદતમાં તું મશ્ગૂલ થા, એ જ ઈસ્લામની અસલ તાઅલીમ છે.

**શેઅર : વલ્લાતા વલ હોજરાતે ફહજુર ઇન્નની, અખ્શા અલયકા અઝાબા યૌમિન સરમદા.**

**તરજુમો** : લાત જેવી પત્થરની મુરતથી તું અલગ થઈ જા. વહેમ ભરેલી તારી ખાલી બેમાઅના વાતોને તું મુકી દે. હું ખૌફ કરૂં છું કે, મૌત બાદ તારા ઉપર એવો વક્ત ના આવે કે હમેશા વાસ્તે તુંને અઝાબમાં રહેવું પડે.

**ઉપર મઝકૂર બેવે શેઅરની તશ્રીહ :** કિસ્ત -૧

સૂરતુલ કાફેરૂનની તમામ આયતોને રસૂલુલ્લાહ બાવાજીએ ખાસ્સતન કુફ્ફારે કુરૈશને અને આમ્મતન જહાનના કાફિરોને પઢીને સંભલાવી. આપનો તેઓને પૈગામે ઈલાહી મુખ્તસર, સાફ અને સાચો હતો. ખાલિકને મુકીને મખ્લૂકની ઈબાદત ના થઈ શકે અને જો કોઈ પોતાના ખાલિકને એક ફના થાનારી મખ્લૂકની શિક્લમાં ઉતારી લે તો તેનું ખાલિકપણું બાકી રહેતું નથી. અગર જો મખ્લૂકની કોઈ શિક્લો સૂરત હોય, **તો પછી તેના ખાલિકની તે મુજબ કોઇ શિક્લ હોઇ જ ના શકે.** પત્થર જેવી બેજાન ચીઝમાં ખાલિક વસેલો હોય તે અક્લે સલીમના મીઝાનથી દૂર છે.

કુફ્ફારે કુરૈશ તેઓના આબાઓ અજદાદના જૂના મઝહબની બિદઅતો પર સવાર હતા. તેઓના ખાસ બુતો હતા. અલગ-અલગ ખ્વાહિશો, હાજિતો અને દુનિયાવી મુતાલેબાતને પૂરા કરવાના સવાલ વાસ્તે મખ્સૂસ હતા. તેઓએ કાઅબામાં આ પત્થરના મોટા-મોટા બુતોને સજાવીને કપડા પહેરાવીને મુકા હતા. બુતો પર તરહ-તરહના હદીયાઓ ચઢાવતા હતા, તેને ધોતા હતા અને તેના આસપાસ રોશની કરતા હતા. **આ બુતો લાત, મનાત અને ઉઝ્ઝાથી મશ્હૂર હતા.** કુફ્ફાર લોગો પોતાના બુતોને મનાવવા વાસ્તે આલીશાન જશ્ન કરતા અને ખુશીઓ મનાવતા હતા. હર નબીના દૌરમાં આ મુજબની બુતપરસ્તી થાતી આવી છે. પછી તે, ઝાહિરી હોય કે બાતિની. કોઈ પણ ચીઝમાં ખુદાને વસાવીને તેની પુરસતિશ થાતી આવી છે. જેમકે, પહાડો, સિતારા, સૂરજ, ચાંદ, નદીઓ, દરખ્તો, જાનવર, અનાજ, દરીયાઓ, વાદલો, વરસાદ, કપડા, ઈન્સાન વગૈરહ.

દીને ઈસ્લામમાં અલ્લાહતઆલાની ઈબાદત સિવાય બીજી કોઈ જ ચીઝની ઈબાદતની કોઈ ગુંજાઈશ નથી. અલ્લાહતઆલાની વહેદાનીયતની એક આઅલામાં આઅલા દલીલ એ છે કે, તેની તમામે તમામ તખ્લીક ઝૌજ-જોડકાઓમાં છે, બે-બે છે, નર-માદામાં છે. **ખુદાની હસ્તી નર-માદાની હદ્દથી ખૂબ જ ઊંચી છે.** જો આ મફહૂમે હકીકી લોગોના સમઝમાં આવે તો કેટલી ઝમીનો મખ્લૂકાતી ખુદાઓના કબ્ઝામાંથી આઝાદ થઈ જાય, પાક થઈ જાય. ઈબાદત તેની જ થાય કે જે, આઁખોના જોવાથી નઝર ના આવે અને હાથોં ના અડકવાથી મહેસૂસ ના થાય. ✯

---

(પેજ નં. ૯ નું બાકી)

જવાબ ન્હોતા દેતા, બલકે તેઓના એતેરાઝાત અને પૈચીદા સવાલોના રસ્સાને એ લોગોની જ ગરદનમાં નાંખી દેતા હતા.

હાસિલે કલામ એ છે કે, દીનને સમઝવાને વાસ્તે બહેસો મુઝાકેરાત ઝરૂરી છે અને સાહેબે દાઅવત તેમજ હુદૂદને સાથે દીનની ગહેરાઈઓમાં જાવા હુજ્જત કરવી જોઈએ, **હુસૂલે ઇલ્મને વાસ્તે ફક્ત,** ના કે બીજાને ઝલીલો ખ્વાર કરવા, નીચા દેખાડવા, બેઈઝઝત કરવા, રૂસ્વા કરવા વાસ્તે લીસી ઝબાન, ગલત તસવ્વુર કે ઝિદ કરવી યા ઝબાનની ચાલાકીથી બીજાને નીચા પાડી દેવા, આ તરીકો બહેસ અને ઝિક્ર વાસ્તે બિલકુલ નારવાં છે. ✯

**મૌ.ઈમામ હુસૈન (અ.સ.) એ અહલે દુનિયા અને ફરીકે અશરાર સામે કરબલાએ મુઅલ્લામાં આ અમલ કરીને બતાવો.**

## અપની ઝબાન – કિસ્ત - ૧૩

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઇ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઇ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઇ ગઇ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** અલ્લક, સટક ફાંસો, વાલ્લી, જવલ્લે, ચમાટ.

**નવા અલ્ફાઝ :**

✷ **ઇન મીન સાડે તીન :** ઘણા થોડા લોગો, જુઝજાઝ.

ઈસ્તેમાલ : ઈઝન તો બહુબદાને આપેલાચ, પન હમના તક તો ઈન મીન સાડે તીન લોગો જ દેખાઇચ.

✷ **લાલીયા ટેકન / લાલીયાવાડી :** કમ્ઝોર કામ, લેભાગું કામ.

ઈસ્તેમાલ : જો જો ઝરા ! સોંપતા પહેલા વિચારજો. લાલીયા ટેકન કામ છે. વાપરતા પહેલા જ તૂટી જાસે.

✷ **પિપલમિટ :** ચોકલેટ, બચ્ચાં વાસ્તે ખાટી-મીઠી ચુસવાની ગોલીઓ.

ઈસ્તેમાલ : સું કામ રોરાવોચ ! મારા જનાને પીપલમિટ અપાવી આવો ! જાવ જોઉં !

✷ **સાન્નું :** શુરબાવાલી તરકારી, બપોરે રોટલી કે ચાવલ માં જમાય તે શાકભાજી કે ગોશતની ગ્રેવીવાલી આઇટમ.

ઈસ્તેમાલ : સાન્નું તો કિતલું બચુંચ. રાતે ખિચડીમાં હલાવી દઇસું.

✷ **વાત આવવી :** નિસ્બત વાસ્તે પ્રપોઝલ આવવું, દીકરા/દીકરી વાસ્તે માંગનું આવવું.

ઈસ્તેમાલ : દીકરી વાસ્તે વાત આવતી થાય, તો એના માઁ ને સમઝવું જોઈએ કે, ઘર ચલાવવા વાસ્તે નાની-નાની બાબતો કહેવી એના પર ફરઝ બની જાઇચ. ✯

---

**એક મૌકા પર મૌલા અલી (અ.સ.) એ ફરમાવું કે, જો હું મુમિન ના માથા પર તલવાર મૂકીને કહું કે, તું મારી અદાવત કર. તો તે હરગિઝ મારી અદાવત નહીં કરે;**
**અને જો હું મુનાફિક (ના માથા પર) ને આ દુનિયાનો તમામ માલ અસ્બાબ આપી દઉં અને કહું કે, તું મને મોહબ્બત કર. તો તે હરગિઝ મોહબ્બત નહીં કરે.**

**મધમાખીની મિસાલ મુમેનીન પર છે કે, જે પોતાનું કામ ચુપચાપ, સુકૂનથી કરે છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૪૦
## અલવી અકીદાઓ - અકીદો - ૫૬

**અકીદો - ૫૬ : બહેસ (ખોજ, તફતીશ) અને નઝર (નિગાહે તબ્દીલી) ની ઝિક્રમાં**

હમારો આ ચીઝમાં અકીદો એવો છે કે, દીનના ઊલૂમમાં તાવીલ અને હકીકતોથી (અંદરૂની ઈલ્મ) ફાયદો લેવા વાસ્તે વિચાર, ગૌર અને ગહેરી ફિકર કરવું અને તેના માંથી કોઇ બહેતર ચીઝ હાસિલ કરવા વાસ્તે મુબાહેસહ (ખોજ) ની નિય્યતથી હરએક નુકતાને સમઝવું ઝરૂરી બની જાય છે. આ ચીઝમાં દેખાદેખીને મુકી દેવું, એકબીજા પર ગલબો થાય એમ નાપસંદ કરવું, બીજાને નીચા ના પાડવા અને દીનથી દુનિયાને ઝરૂરત મુજબ તલબ કરવી, બંદાના આઅમાલને સાચવીને રાખે છે.

એક એવી બહેસો નઝર કે જે જાઇઝ છે અને જેનાથી ઈલ્મ હાસિલ થાય છે, તેના ઉપર વિચાર કરવો અને ધ્યાન લગાવીને એની તફતીશો તલાશ કરવી, તેમાં ખોદવું બિલકુલ જાઈઝ છે. જે બહેસ જાઈઝ છે તે વાસ્તે અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "શું તે લોગો ઊંડો વિચાર નથી કરતા કુરઆનમાં યા તેઓના દિલો પર તાલા વાગેલા છે ?" બીજી જગા પર એ છે કે, જેમાં બહેસને રોકવામાં આવેલી છે, જેમાં તલબે ઈલ્મથી ગલબો હોય, એકબીજા પર સરસાઇ થાતી હોય, ફખર કરાતો હોય, ચઢીયાતાપણું હોય અને સામેવાલાની બેઈઝઝતી થાતી હોય. કુરઆને કરીમમાં આ ચીઝનો ઈશારો એ મુજબ છે કે, " **અલ્લાહતઆલાની આયતોમાં જંગો જિદાલ, લડાઇ તેઓ જ કરશે કે જે કાફિર હશે.** "

શરીઅતના અહેકામ અને કુરઆને કરીમની આયતો આમ ઈન્સાની ફહેમ અને ફિકરો ખયાલથી બલંદ અને ઊંચા પૈમાનાના છે. ઝાહિરી કુરઆનના અલ્ફાઝ ભલેને અરબી ઝબાનમાં છે, મગર અંદરૂની માઅના અને બાતિની હિકમતની હૈસીયતથી તેનો જે મફહૂમ છે તે ઈમામે હક્ક જે સાહેબે હિકમત હોય, તે જ સમઝી શકે છે. કોઈ એવો દાઅવો કરે કે, એને અરબી ઝબાન પર ઊબૂર છે, એને બરાબર આવડે છે અને કહે કે, "**હસબોના કિતાબુલ્લાહ**" હમારે અલ્લાહની ઝાહિરી કિતાબ કાફી છે, એમ કહેવું એને કામ નહીં આવે. બલકે, કદમ-કદમ પર આ કિતાબુલ્લાહના માઅના-મતલબ, સહી તફસીર અને તાવિલની હાજિત બાકી રહે જ છે, જેમકે કોઈ શખ્સ કોઈ કલામ બોલે છે તો તે વાસ્તે એના તરફથી તશરીહ અને સમઝની ઝરૂરત પૈશ આવે છે. ઈલ્મને હાસિલ કરવા વાસ્તે જે વક્ત તાલિબે ઈલ્મ કોઈ મુબાહેસો કરે છે, સહી ચીઝને ટટોલવા વાસ્તે નઝર કરે છે તે વક્ત નિય્યતે સાદેકહ અને કોઈ પણ તરહના ફાયદા વાસ્તે તેનો ખૈર ઈસ્તેમાલ થવો અઝહદ ઝરૂરી થઈ જાય છે. આ ચીઝના બરખિલાફ જો કોઈ એતેરાઝ ઊભો થાય, ઝિદ પર વાત હોય, બેમાઅના હુજ્જતો દલીલ સામે આવે, તો તેથી કોઈ જ ચીઝ હાસિલ થાનાર નથી. **નિય્યત, વક્ત અને ઇલ્મ તમામ ચીઝ ઝાયેઅ થઇ જાય છે.**

મૌલાના અલી અમીરૂલ મુમેનીનના પાસે બન્ને કિસ્મના શખ્સો આવતા હતા અને સવાલો કરતા હતા. એક કિસ્મ એ લોગોની હતી કે, જે સવાલ કરીને પોતાના ઈલ્મને ઝિયાદહ કરવા અને ફાયદો હાસિલ કરવા હાઝિરે ખિદમત થાતા હતા, જેમ મૌ.સલમાન, મૌ.મિકદાદ, મૌ.અમ્માર, મૌ.અબૂઝર, મૌ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ, મૌ.અબ્દુલ્લાહ બિન મસઊદ (રિ.અ.).

બીજી કિસ્મના લોગો મુનાફિકો હતા કે, જે ફક્ત એતેરાઝ, ખતાઓ અને પૈચીદગી પૈદા કરતા હતા. આ તરહ સીધી વાતમાં ગુંચ પાડતા હતા. મિસાલના તૌર પર અબ્દુલ્લાહ બિન કવ્વા, અસદ બિન અબી-વક્કાસ, હસન અલ-બસરી અને આના જેવા ઘણા બેમોહ્યા લોગો. મૌ.અલી સાહેબ આ તમામને કાફી-શાફી, સીધે-સાદો

(બકીયહ પેજ નં. ૭ પર)

**મુખ્લિસ શખ્સની રાહમાં બેઈન્તેહા રૂકાવટો આવે છે.**

## લોગોનો હાલ (અપની ઝબાન)

તમારા માંસી કોઈનું બાઝારમાં જાવાનું થાય, તો તમેં તેમાં હાઝિર સઘલા તરફ નિગાહ કરસો તો જોસો કે તમામ જુદા-જુદા ટોલાઓમાં વેચાએલા હસે, જુદી-જુદી જગાઓ પર બેસેલા મિલસે, ચાલતા હસે, ઊભા હસે યા પોતાની હૈસીયત મુજબ ઝબાન ચલાવતા હસે. હર શખ્સ પોતાની ચીઝો વહેચાય યા બરાબર ખરીદાય તે વાસ્તે જાનતોડ કોશિશ કરી રહ્યોચ. મગર આમાં પણ તમામના હાલાત એક જિવા નથી. રોઝીને તલબ કરવામાં કાં તો કોઈ બેસેલુંચ, કોઈ ઊભુંચ, કોઈ હુજ્જત કરી રહ્યુંચ, કોઈ દોડી રહ્યંચ, કોઈ ચુપ છે, કોઈ સામાનને સાચવી રહ્યુંચ, કોઈ નકદ પૈસાની ગિન્તી કરી રહ્યુંચ, કોઈ સામાન વેચાય તે વાસ્તે ચિલ્લાઈ રહ્યુંચ.

આ હાલાતસી ખબર પડેચ કે, લોકો રોઝી-તલબી કે દુનિયા-તલબીમાં કિતલી હદ તક રચા-પચા છે. કિતલો મ્હોટો વક્ત તેઓ આ ચીઝને હાસિલ કરવામાં ગુઝારેચ. મગર ચીઝ હિવી છે કે, તેઓને ફાયદો થાઈચ તો આસ્માને ચઢી જાઈચ અને નુકસાન થાઈચ તો દેવામાં બરબાદ થઈ જાઈચ. પન તમેં તો મુમેનીન છો. દુનિયાના આ ભરચક બાઝારમાં તમારે વાસ્તે અલ્લાહતઆલાએ તો કઈક બીજું જ વિચારેલુંચ. તમને આ બાઝારસી **દુનિયા વાસ્તે કમ પન આખેરત વાસ્તે ઝિયાદહ તિજારત-વેપાર કરવાનોચ.**

તમેં દુનિયાના મુઆમેલામાં કિતલા આકિલ છો, ફહીમ છો, હુશિયાર છો, તો પછી દુનિયા કરતા તો આખેરત ઊલા છે, અફઝલ છે, બાકી છે અને ઝીનતદાર છે. તેને વાસ્તે તમારી કોશિશમાં કિતલી પુખ્તગી હોવી જોઈએ. તમારી હુશિયારી અને અક્લ કિતલી તૈઝ હોવી જોઈએ. આખેરતમાં ફાયદો તમને જાઈતો હોય તો તે ઘની જ મ્હોટી કામિયાબી ગિનાસે. આના વાસ્તે તમને તકલીફ અને સખ્તીનો સામનો કરવો પડસે. આ તકલીફ ઈબાદતની છે. તેની અદાયેગી બાદ રાહત જ રાહત છે.

મસ્જિદ, ઈબાદતનું પાલ્લું છે. તેનાસી આખેરતના માહૌલની હકીકત અને તસ્વીર સામી આવી જાઈચ. તમેં મસ્જિદમાં જાવ તો તમેં નિગાહ કરસો અને જાનસો કે, કોઈ કોઈનો મોહતાજ નથી. હરએક પોતાની ઝાતમાં ગિરફતાર છે. જાને કે, **આખેરતની સીડી ચઢવાને વાસ્તે બધા જ કોઇનો કોઇ અમલ કરી રહ્યાચ.** ✷ કોઈ સફબંદી કરીને બેસેલુંચ, ✷ કોઈ ટોલા વિલીને સફ સિવાય બેસેલુંચ, ✷ કોઈ ઊભા રહીને દોઆ કરી રહ્યુંચ, ✷ કોઈ બેસીને તસ્બીહ કરી રહ્યુંચ, ✷ કોઈ મસ્જિદમાં હોવાને બાવુજૂદ દુનિયાદારી અને ગીબતખોરીની ગિરફ્તમાંચ, ✷ કોઈ ઝાહિદાના સાફ દિલસી ઈબાદત કરી રહ્યુંચ, ✷ કોઈ રૂકુઅમાંચ, કોઈ સજદામાંચ, ✷ કોઈ એક ગોશામાં બીજાઓને હિકમતના કલામ સંભલાવી રહ્યુંચ, ✷ કોઈ કેયામતના ખૌફના સબબ આઁખોસી આંસૂને જારી કરી રહ્યુંચ, ✷ કોઈ અલ્લાહતઆલા તરફસી મિલનારો સવાબ અને તેના શૌકનો ઈઝહાર કરી રહ્યુંચ, ✷ કોઈ પોતાની કમ્ઝોરી અને ઝોઅફ પર અફસોસ કરીને ઝમીન પર એ મુજબ નિઢાલ છે કે, જાને પોતાની ઝાતને અલ્લાહને સોંપી દીદીચ, ✷ કોઈ ઈતલો ખામોશ છે કે એને ભીક આવેચ કે, અલ્લાહ યા તેના દીન વાસ્તે કઈ બોલાઈ ના જાય, ✷ કોઈ ઈબાદતમાં સખ્ત મહેનત ઉઠાવીને ભૂકને મારે લરઝી રહ્યોચ, ✷ કોઈ બીમારે દિલ બનીને આવોચ કે, ઈબાદતના સબબ એ સુધરી જાય, ✷ કોઈને મૌત યાદ આવેચ, ✷ કોઈ બીમાર સેહતમંદને જોઈને શિફાની આસ લઈને બેસોચ, કોઈ લાચાર-નાતવાઁ શખ્સ તાકતની ઉમ્મીદ રાખીને બેસોચ.

આ તરહ તમેં જોસો તો હરએકના હાલાત જુદા-જુદા છે. હર શુક્રગુઝાર શખ્સ પોતાની હાલતસી ખુશ જ હોય છે. મગર આ દુનિયાની હાજિત હિવી છે કે, ઈન્સાનને ઝરા પન ગત જ નથી. એ તરક્કી અને તબ્દીલીની (બકીયહ પેજ નં. ૧૧ પર)

**તાઅરીફ અને વાહ-વાહની કોઈ ઉમ્મીદ રાખતા નથી.**

## તસ્બીહે મુજર્રબ

- **તસ્બીહ : " ઇન્નમા અશકૂ બસ્સી વ હુઝની ઇલલ્લાહ ".**
- **માઅના :** મૌ.યાઅકૂબ નબીએ અલ્લાહતઆલાની બારગાહમાં અરઝ કીધી કે, મારા દર્દો-ગમની શિકાયત ફક્ત અલ્લાહની તરફ કરૂં છું અને તે મારા રબ્બ તરફથી મને તે ચીઝનું ઇલ્મ પહોંચેલું છે જેની તમને ખબર નથી.
- **તશરીહ :** સૂરહ યૂસુફમાં ઉપર મઝકૂર આયતે શરીફહ છે. મૌ. યૂસુફ નબીના ગાઇબ થાવા પર, બિછડી જાવા પર, આપના બાવાજી સાહેબ મૌ.યાકૂબ નબી એવા દર્દો-ગમથી ગુઝરા કે, જે ગમ અને તકલીફ ૭૦ માઁઓને થાય, જે વક્ત તેઓને પોતાના વાહલા-એકલૌતા ફરઝંદોથી દૂર કરી દેવામાં આવે. મૌ.યાઅકૂબ નબીને ખબર કરી દેવામાં અવી હતી કે, ઝરૂર કોઇ દિન એમની મુલાકાત એમના સૌથી લાડલા-પ્યારા ફરઝંદ મૌ.યૂસુફથી થાશે. મગર આપ દર્દના મારે અલ્લાહતઆલા તરફથી આપવામાં આવેલી તે બશારત-ખુશખબરીને ભુલી ચુકા હતા.

આપે ઘણી જ નાઉમ્મીદીનો ઇઝહાર કીધો જે વક્ત આપના બેવે ફરઝંદો, મૌ.યૂસુફ અને બિનયામીન આપથી બિછડી ગયા. આપે બારગાહે રબ્બાનીમાં દોઆઇયહ કલેમાત ગુઝારા કે, "અય મારા પરવરદિગાર ! શું તું મારા ઉપર રહેમત નહીં કરે કે, મારી બે આઁખ પણ લઇ લીધી, મને નાબીના બનાવી દીધો, યહાઁ તક કે મારા બે નૂરે નઝર, ચશ્મે બસીરત બે દીકરાને પણ મારાથી દૂર કરી દીધા." તે વક્ત અલ્લાહતઆલા તરફથી વહ્ય નાઝિલ થઇ કે, "અય યાઅકૂબ ! તમેં ફિક્ર ના કરો. **અગર એ બેવેને મારી પણ નાંખા હશે તો હું એને દોબારહ ઝિંદગી આપીશ.** તમારી ઉમ્મીદને પૂરી કરીશ અને તમને એ બેવે સાથે મિલાવી આપીશ. પણ અય યાઅકૂબ ! તમેં તે ઝબેહશુદા બકરાને તો યાદ કરો કે, તમેં અને તમામ અહલ તેને ભૂનીને પૂરેપૂરો જમી ગયા, ચટ કરી ગયા. અરેં ! તમેં જાણો છો કે, તમારા ઘરને આસપાસ ફલાઁ-ફલાઁ લોગો રોઝદાર હતા. ઇફતાર વાસ્તે તેઓ પાસે કોઇ જમન હતું નહીં. તેઓ ભુખા જ સુઇ ગયા અને તમેં પેટ ભરીને ગોશ્ત જમા. તેમાંથી ઝરા પણ તમેં તે ભુખાઓને આપું નહીં."

મૌ.યાઅકૂબ નબીને પોતાની ખતાનો અહેસાસ થયો. ખૂબ ઇલ્તેજા કીધી, મુઆફી તલબ કીધી. ફરમાને ઇલાહીથી યાઅકૂબ નબીની ઉમ્મીદ દોબારહ જાગી અને ફરઝંદોને કહ્યું કે, "જાવ ! અય મારા દીકરાઓ ! તમેં સઘલા મૌ.યૂસુફ અને એના ભાઇની તલાશમાં નિકલી પડો. **અલ્લાહતઆલાની રહેમતથી નાઉમ્મીદ ના થાવ.** નાઉમ્મીદી તો કાફિર લોગોની કૌમનો અમલ છે."

હમ-ગમને દૂર કરવા વાસ્તે કોઇ શખ્સ સવારે અને સાંજે ૧૧૦ વાર આ તસ્બીહે મૌ.યાઅકૂબ નબી બાવુઝૂ પૂરા યકીન સાથે પઢશે, તો અલ્લાહતઆલા એના દિલમાં ઇત્મિનાન દાખિલ કરશે અને ગમ લાવનાર ચીઝોથી એને મહેફૂઝ રાખશે. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

તલાશમાં ભટકતો રહેચ. **કોઇ ચીઝ ઝિયાદહ મિલવાની લાલચમાં પોતાની ખુશીને હલકી પાડી નાખેચ.** તમેં સમઝજો કે, અલ્લાહ નો ફઝલ હરએક પર છે. તેની માઅરેફત કોઇને ઓછી છે, તો કોઇને વધારે છે. દુનિયાના આ મુખ્તસર અય્યામમાં સાચા કામ વાસ્તે તદબીર કરવાનીચ, આજે જે સૂરતે હાલ છે કે જેમાં કોઇ બહેતરીનું કામ કરવું ખૂબ જ આસાન હોય, તે શાયદ કાલ પડતા યા વક્ત ગુઝરતા, તે જ કામ મુશ્કિલ પન થઇ સકેચ. ✷ આજે બરતરી તો કાલે બદતરી, ✷ આજે અમીરી તો કાલે ગરીબી, આજે સેહતમંદી તો કાલે બીમારી, ✷ આજે જવાની તો કાલે ઝઇફી, આજે આઝાદી તો કાલે અસીરી. ફસાદ અને ફિત્નાના આ હાલાતને છોડીને સુકૂન અને રાહતના હાલાતમાં જાવાનુંચ. ✯

**લોગોની મતલબપરસ્તીના સબબ એને દર-કિનાર થાવું પડે છે.**

## પાનીના અસલની હકીકત

આ જહાનમાં જે જે ચીઝોનો વુજૂદ છે તે પાનીના સબબ જ છે. હાલાંકે ચંદ ચીઝો બેજાન, ઠોસ, મુરદાર, બેકાર દેખાશે પણ તેના વાસ્તે એક વક્ત તો એવો હતો જ કે, જેમાં તે ઝિંદા હતી અને પાની તેનો આધાર હતો. પાની બગૈર ઝમીન પરની ઝિંદગીનો તસવ્વુર થઇ શકે નહીં. શરીઅત, ઝમીન મુજબ છે અને તેને કાઈમ રાખનારૂં ઈલ્મ, પાની મુજબ છે.

પાકીઝા ઈલ્મ જેમ ઈન્સાનની નફસાની હસ્તીને ઝિંદા રાખે છે, તેમ ચોખ્ખું પાની ઈન્સાનની જિસ્માની હસ્તીને ઝિંદા રાખે છે, તંદુરસ્ત રાખે છે, તાકત આપે છે. આ પાનીને આવવાની જગા આસ્માન છે. વાદલોના ઝરીએ અલ્લાહતઆલા વરસાદને વરસાવે છે અને તેનાથી જ **ઝમીન પર ઝિંદગીની ઇબ્તેદા અને હયાતનો દાએરો ફિરા કરે છે.** આસ્માનની મિસાલ નબી-નાતિક યાઅની રૂહાની દરજાઓમાં જે પહેલા સાહેબ છે, તેના પર છે. પાક ઝમીનની મિસાલ એ નબીના વસી યાઅની જે સાહેબ નૂરાની દરજાઓમાં બીજા છે, તેના ઉપર છે.

જે મુજબ આસ્માનથી ઝમીન પર વરસાદ નાઝિલ થાય છે અને બેવે દરમિયાન એક અતૂટ-અનોખો રિશ્તો તેમજ બંધનનો ઈઝહાર થાય છે, **તે અલ્લાહતઆલાની કુદરતનો બેનઝીર કરિશ્મો છે.** આ જ મિસાલ પર નબીયુલ્લાહ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ની હઝરતે રિસાલત તરફથી વલીયુલ્લાહ અલીયુલ મુરતઝા (અ.સ.) ની હઝરતે વસાયતની જાનિબ ઈલ્મો હિકમતના ચશ્માં રવાઁ થાય છે. અન્હારે ઈલ્મીયહ મોહંમદીયહ વહે છે. આ પાક પાનીના ઈલ્મી અન્હાર હઝરતે વસાયતથી હઝરતે ઈમામત તરફ પહોંચ્યા છે. જે ઈમામતના માલિક મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની આલ અને ઝુર્રીયતના સાહેબો, મૌ.ઈમામ હસન અમે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) તેમજ હુસૈન આકાના ફાતેમી ઈમામોમાં દીને હક્કનું મીઠું પાની જમાઅ થયું છે.

એવું નથી કે, તમામ જગાઓ પર મીઠું પાની મિલે ! જો તે દસ્તયાબ ના થાય, અછત થઈ જાય તો ખારા પાનીથી પણ વુઝૂ કરી લે, મગર શરીઅતના વાજિબ ફરઝોને મુકે નહીં. આની મિસાલ એવી છે કે, જે વક્ત **ઇમામે હક્ક ઝમાનએ પડદાપોશીમાં હોય,** સતરના વક્તમાં હોય અને આપનું ઈલ્મી મીઠું પાની ના મિલે યા આપની હઝરતે ઈમામીયહથી મુશર્રફ ના થવાય, તો દીન બાબત તકીયો કરી લે. ઝાહિરી અમલથી કામને ચલાવે. ઈમાનને પોશીદા કરી દે. જેમ બને તેમ દુશ્મનાને હક્કથી દૂરી ઈખ્તિયાર કરી લે, કિનારાકશ થઈ જાય, કામ પુરતો જ તઅલ્લુક રાખે. ઈમાનની હુરમતને બચાવવા નાઈબે ઈમામ-દાઈયુઝઝમાનની હર વક્ત વાબિસ્તગી રાખે.

- **કઇ ચીઝના પાની વાસ્તે કયા સાહેબ મમ્સૂલ છે :**

**તાલાબનું પાની** : ઈમામે હક્કના ઝાહિરી ઈલ્મ પર.

**કૂવાનું પાની** : ઈમામે હક્કના હુજ્જતના બાતિની ઈલ્મ પર.

**ડોલનું પાની** : ઈમામે હક્કના ઝાહિરી દૌરમાં દાઈયુલ બલાગના ઈલ્મ પર.

**લોટાનું પાની** : ઈમામે હક્કના દૌરે સતરમાં દાઈયુલ મુત્લકના ઈલ્મ પર.

**બેવે હાથના ખોબલાનું પાની** : દાઈયુલ મુત્લકના નીચે આપના માઝૂને મુત્લક અને મુકાસિરે મુત્લકની પૈરવી અને ઈતાઅત પર. ✮

**આ અમલથી મિલનારો અજર-સવાબ, મધપૂડામાં છુપાયેલા મધ મુજબ છે.**
**મુખ્લિસ હોશમંદનું દિલ, હર વક્ત તાબેએ રઝામંદીએ ખુદા હોય છે.**

**ઘણા કમ લોગો એના મકસદ અને નઝરીયાને સમઝી શકે છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૨૦

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, “દુનિયામાં બે તરહના-તબકાના-ઝાતના લોગો છે. આમાંથી કેટલાક એવા હોય છે કે, રાહતને લેનારા હોય છે, તેના તલબગાર હોય છે. બીજા એવા હોય છે કે, એનાથી રાહત લેવામાં આવતી હોય છે. યાઅની કે, **એક રાહત લેનાર અને બીજા રાહત આપનાર.**”

રાહત લેનાર લોગો નેક બંદાઓમાંથી છે. તેઓ વફાત થયા પછી દુનિયાના ગમથી, બલાથી રાહત લે છે. તેઓએ પોતાની ઝિંદગીમાં ઈલાહી ફરમાન મુજબ ઈબાદતોની જે તકલીફ ઉઠાવી, તેના એવઝમાં રાહત લે છે. આ રાહત તેઓને આખેરતની નેઅમતો તરફ લઈ જાય છે. તેઓની ઈતાઅતગુઝારીનો આ એક આઅલામાં આઅલા તોહફો છે, જે તેઓ સાથે હમેશા-હમેશા રહેશે. તેઓને રાહત લેવાનો પૂરેપૂરો હક્ક છે કેમકે, તેઓએ દુનિયામાં રાહતને બદલે ખુશનૂદીએ રબ વાસ્તે **ઝહેમત અને મશક્કત ઉઠાવી છે.**

બીજા તબકાના લોગો એ છે કે, જેનાથી રાહતને લેવામાં આવે. ફાસિક, ફાજિર, બદકાર શખ્સ આ ગિરોહનો હિસ્સો છે. જે વક્ત એને મૌત આવે છે, તો એના વાસ્તે મુકર્રરશુદા બે ફરિશ્તાઓને એનાથી રાહત મિલી જાય છે. તે એ વાસ્તે કે એના જિસ્મના તમામ આઅઝા ગુનાહોમાં મુબ્તેલા હોય છે. ગુનાહ કરવું, ફિસ્કો ફુજૂર કરવું, બદકારી કરવી, ઝુલ્મો જબર કરવો, નાફરમાની કરવી, તોહમતો ઈલ્ઝામ લગાવવો એના વાસ્તે આમ વાત બની ગઈ હોય છે. **દિલો દિમાગ પર શયતાન સવાર થઇ ગયો હોય છે.** દિન-રાત તેમાં ઈઝાફો થાતો જાય છે. ફરિશ્તાઓ પણ એની આ બદસીરતથી બેઝાર થઈ ગયા હોય છે, તેથી એના મૌતથી તેમને રાહત મિલે છે. ગુનાહગારના ગુનાહોનું સંદૂક બંધ થયું, તેથી તેમને આ ઝિમ્મેદારીથી એક તરહનો છુટકારો હાસિલ થયો. ✯

## એક આઅલા ઝિંદગી ........ કઈ તરહ ?

- હર ઘડી અલ્લાહથી ડરતા રહો.
- ઇબાદતમાં બિલકુલ સુસ્તી ન કરો.
- નૈક અને પરહૈઝગાર લોગોની સોહબતમાં રહો.
- કોઇને જાણી જોઇને ઝરા પણ ઇઝા યા તકલીફ ન પહોંચાડો.
- ગલતી થઇ જાય તો મુખ્લેસાના મઆફી માંગો.
- ગુનાહ થઇ જાય તો દિલથી તૌબા કરી લો.
- અલ્લાહતઆલાની હર નેઅમતનો શુક્ર અદા કરતા રહો. ✯


## તિજારત

**HAATEMI COLLECTIONS**

**(AC STORE)**

All type of Ridas, Dress Materials & Readymade, Night Wears, Hand Bags & Purses, Saya-Kurta Materials & Readymade, Bohra Topi, Jazam Materials & Galicha, Gift Articles, Hajj and Umrah Ehram and all Accessories, Iddat all items, Specialist in all kind of Hadiya & Silat items.

Shop No.9, Taj Complex, Ajwa Road, Vadodara - 390019.

**Fatema B. Bhaisaheb**

**Ph.: 9408786281 / 9998666771** ✯

**Ismat Tinwala (MA, B.Ed.)**

**25 Years** of Proficiency in Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.

**Ph.: 09409156524** ✯


**ઝર્રા બરાબર પણ એના વાસ્તે શરીઅતને ખિલાફ જાવું, ગૈર-મુમ્કિન છે.**

## સુલ્તાને કરબલા

બુલાકર મહેમાઁ શેહ કો લઈનોંને સતાયા ભી,
નબી કે માનનેવાલોં ને ઘર ઉનકા જલાયા ભી,
સિતમગારોંને બેકસ પર સિતમ નાહક્ક હે ઢાયા ભી,
જો કૌસર કે ધની થે ઉનકો પાની ના પિલાયા ભી,
હુસૈન ઈબ્ને અલી કા દિલ લઈનોં ને કુઢાયા ભી,
કુઢાયા ભી, સતાયા ભી, લઈનોંને રૂલાયા ભી.
અકબર ગિરે જો ઘોડે સે બરછી જિગર પે ખા,
થામે હુએ કલેજે કો ચિલ્લાકે દી સદા,
દીદાર કી તમન્ના હે દિખલાઈએ શહા,
પહોંચે પિસર કે લાશે પે સુલતાને કરબલા,
અકેલે સિબ્તે પયગમ્બરને લાશે કો ઉઠાયા ભી,
ઉઠાયા ભી, મનાયા ભી, ગલે અપને લગાયા ભી.
બાનુ પુકારી આ ગયે મકતલ સે મેરે લાલ,
શેહ સે કહા દિખાવો મેરે લાલ કા જમાલ,
ક્યૂં બોલતે નહીં મુઝે સદમા હે અબ કમાલ,
ક્યા હો ગયા હે શાહ અલી અકબર કા ઈન્તેકાલ,
કહા શેહને મુકદ્દરને હમેં સબ કુછ દિખાયા ભી,
દિખાયા ભી, સતાયા ભી, ખુદાને આઝમાયા ભી.
છોટે સે શીરખ્વાર કો મકતલ મેં લાયે શાહ,
પાની પિલાવો નન્હે મુસાફિર કો અય સિપાહ,
જબ કી ઉમરને હુરમલા કાતિલ તરફ નિંગાહ,
છોડા કમાઁ સે તીર કો અફસોસ આહ-આહ,
સિતમગારોંને અસગર કા હે નાહક્ક ખૂં બહાયા ભી,
બહાયા ભી, મિટાયા ભી ઔર મીટ્ટીમેં મિલાયા ભી.
ના કોઈ બાકી રહા શાહ કા જો મુનીસો યાર,
હુસૈન ઈમામ પે સબ હો ગયે નિંસાર નિંસાર,
નબી કે લાલ પે ચલતી થી તૈગો ભાલોં કી માર,
થા દુશ્મનોં મેં ઘિરા ફાતેમા કા વો દિલદાર,
કટા કર સર કો દૌઝખ સે યે ઉમ્મત કો બચાયા ભી,
બચાયા ભી, જલાયા ભી, લહૂ સે રંગ જમાયા ભી.
ચલા નૈઝે પે દાઅવત કરતા ઝહરા કા પિસર દેખો,
હઝારોં મોઅજિઝેં દિખલાતા જાતા શેહ કા સર દેખો,
શહીદે ઝુલ્મ સર દેકે હુએ ઉનકા સફર દેખો,
કહાઁ લશ્કર હે ઝાલિમ કા કહાઁ ઉનકા ગુઝર દેખો,
યઝીદે બેહયા કો જલ્વા આકા ને દિખાયા ભી,
દિખાયા ભી, જલાયા ભી, નિશાઁ ઉસકા મિટાયા ભી.
હાતિમ શહા દાઈ જો હક્ક કે ધની હે યે,
હાતિમ સખા કે મિસ્લ યે ઐસે ગની હે યે,
ઔર દુશ્મનોં કે વાસ્તે તૈગે ઝની હે યે,
બિગડે મુકદ્દરોં કો બના દે ગની હે યે,
દોઆ કે વાસ્તે ઝાકિરને હાથ અપના ઉઠાયા ભી,
ઉઠાયા ભી, સુનાયા ભી, હે ઈસ કાબિલ બનાયા ભી.✯

## વારિસ થા જો કૌસર કા

ઝલઝલોં મેં જબ ઝમીં થી, મહેરો માહ લરઝતા થા,
શિમ્ર કા વો ખંઝર જબ, હલ્કે શેહ પે ચલતા થા.
થા જો વારિસે કૌસર, વો હુસૈન પ્યાસા થા,
સામને હી ઉસકે વો, અલકમા કા દરીયા થા.
થી ઝઈફી મૌલા કી, ના કદમ ઠહેરતા થા,
બેટે કા જવાઁ લાશા, કૈસે શેહ સે ઉઠતા થા.
કટ ગયે જો બાઝૂ તો, દાંત મેં લી મશ્કીઝા,
તર-બ-તર લહૂ મેં વો, ગાઝી કા ફરેરા થા.
છે મહીનાવાલા વો, શાહ કા જો બચ્ચા થા,
તીર કા નિશાના કર, હલ્ક ઉસસે છેડા થા.
બીબીયાઁ કહાઁ જાતી, દર-બ-દર ભટકતી થી,
ઉન યઝીદીયોં ને જબ, ખૈમોં કો જલાયા થા.
યાદ કરકે રો લેના, કરબલા કી કુરબાની,
દીન પે શહે દીં ને, કુંબે કો લુટાયા થા.
મૌલાના ઝકીયુદ્દીં પઢકે, મરસીયા પુરસૌઝ,
જન્નતી નઝારે કો, મજલિસોં મેં દેખા થા. ✯

**મુખ્લિસાના અમલ કરનાર તેનાથી માલી બદલાની કોઈ તમન્ના કરતા નથી.**

## " એક ઝૈનુલ અબા હી બાકી રહે "

કૌનેન કે માલિક મારે ગયે, એક ઝૈનુલ અબા હી બાકી રહે,
સર પ્યાસોં કે તન સે ઉતારે ગયે, એક ઝૈનુલ અબા હી બાકી રહે.
થોડે સે ગિરે વો શાહે ઉમમ, તબ આકે વો શિમ્રે બદ અઝલમ,
મૌલા કે રખા સીને પે કદમ, એક ઝૈનુલ અબા હી બાકી રહે.
મઝલૂમને સજદા જબ કે કિયા, ઉમ્મત કે લીએ કી હક્ક સે દોઆ,
તબ શાહ કો શિમ્રને ઝબ્હ કીયા, એક ઝૈનુલ અબા હી બાકી રહે.
અકબર ભી નહીં, અસ્ગર ભી નહીં, ઝયનબ કે વો દોનો પિસર ભી નહીં,
વો ગાઝી અલી કા કમર ભી નહીં, એક ઝૈનુલ અબા હી બાકી રહે.
આઅદાને હે કયા કયા ઝુલ્મ કીયા, ખૈમે કો જલાયા લૂટ લીયા,
ઔર અહલે હરમ કો કૈદ કીયા, એક ઝૈનુલ અબા હી બાકી રહે.
બીમાર કો તૌક પિન્હાયા હે, ઔર કાંટો પે ઉનકો ચલાયા હે,
રૂક જાને પે દિર્રો લગાયા હે, એક ઝૈનુલ અબા હી બાકી રહે.
સર નૈઝે પે શેહ કા જો રખ્ખા હે, કુરઆન કી તિલાવત કરતા હે,
ઉમ્મત કો દોઆએં દેતા હે, એક ઝૈનુલ અબા હી બાકી રહે.
હે મજલિસે શાહે કરબોબલા, આએં હૈં અય ઝાકિર અહલે અઝા,
કહતેં હૈં યહીં હાતિમ મૌલા, એક ઝૈનુલ અબા હી બાકી રહે. ✯

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨૩મું સાલ છે. કારેઈનના ઈલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફઝી કશ્મકશ ઈલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ૭ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઈલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) કુફ્ફારે કુરૈશ તેઓના બૂતોને મક્કામાં કઈ જગહ પર મુકતા હતા?

(૨) ઈબ્રાહીમ નબીના દૌરના જૂના ફિરકાના લોકો શેની પરસ્તિશ કરતા હતા?

(૩) આખેરતમાં ફાયદો હાંસિલ કરવા ------- ની તકલીફ અને સખ્તીનો સામનો કરવો પડશે.

(૪) કરબલાની જંગમાં હઝરતે અબ્બાસ (અ.સ.) ને તીરથી કયા લઈને ઝખ્મી કીધા હતા?

(૫) ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ અલ્લાહતઆલા ના નઝદીક કઈ બે ચીઝોનો સવાલ કીધો હતો?

(૬) હઝરત યૂસુફ નબીના ભાઈનું નામ શું હતું?

---

**જવાબો :** (૧) કાઅબામાં (૨) સિતારાઓ અને ફરિશ્તાઓની (૩) ઈબાદત (૪) સફવાન લઈન (૫) એહરામનું કપડું અને અંગુર (૬)બિન યામીન.

**દુનિયાવાલાઓ એના વાસ્તે તાઅનાકશી કરા કરે છે.**

## ખુદા કી રાહ મેં

ખુદા કી રાહ મેં ખુદા કે નૌજવાઁ, શહીદ હો,
હુસૈન કરબલા કે તુમ હો મહેમાઁ, શહીદ હો,
શહીદ તેરી મૌત ભી અજબ હે તેરી ઝિંદગી,
ના તુમને પ્યારી કી કભી ભી અય હુસૈન ઝિંદગી,
ખુદા કી રાહ મેં દિયા હર એક જવાઁ, શહીદ હો,
ખુદા કી રાહ મેં ખુદા કે નૌજવાઁ શહીદ હો.
ના દિલ મેં સોચતે થે શાહ કોઇ ભી ઇન્તેકામ લે,
સિવા ના સબરો શુક્ર કે ઝબાઁ સે કોઇ નામ લે,
ચમન લુટા કે હો ગયા હે બાગબાઁ, શહીદ હો,
ખુદા કી રાહ મેં ખુદા કે નૌજવાઁ શહીદ હો.
રહે રઝા પે મર મિટે ના હક્ક સે યે ઝરા હટે,
દિયા થા કૌલ આપને વો બાત કર દિખા હટે,
અલી કે લાલ, ફાતેમા કી પ્યારી જાઁ, શહીદ હો,
ખુદા કી રાહ મેં ખુદા કે નૌજવાઁ શહીદ હો.
ઐસા જહાઁ મેં કબ હુવા કોઇ બશર બતા તો દે,
અઠ્ઠારા સાલ કા પિસર મરને કોઇ ભેજા તો દે,
તુમ પર નિસાર હે ઝમીનો આસ્માઁ, શહીદ હો,
ખુદા કી રાહ મેં ખુદા કે નૌજવાઁ શહીદ હો.
તુમ સે વતન છુટા હુસૈન, ગરીબ બેકફન હુસૈન,
કરબોબલા કી ખાક પર ઉરયાઁ પડા બદન હુસૈન,
કૂફા તરફ તુમ્હારા સર હુવા રવાઁ, શહીદ હો,
ખુદા કી રાહ મેં ખુદા કે નૌજવાઁ શહીદ હો.
ઝાકિર હુસૈન ઇમામ પે લાખોં સલામ રાત-દિન,
સિફતો સના તું પઢ સદા, લાખોં સલામ રાત-દિન,
દુનિયા તમામ કહેતી હે તિશ્ના-દહાઁ, શહીદ હો,
ખુદા કી રાહ મેં ખુદા કે નૌજવાઁ શહીદ હો. ✫

**અલમ જહાઁ મેં હૈ હર મકાઁ મેં,**
**મોહર્રમ આયા મોહર્રમ આયા,**
**કલક હૈ જાઁ મેં સખુન ઝબાઁ મેં,**
**મોહર્રમ આયા.......**
**હૈ ચશ્મ ગિરયાઁ તો દિલ હૈ બિરયાઁ,**
**હૈ હાલતે જાઁ અજબ પરૈશાઁ,**
**હર અહલે ઈમાઁ હૈ ઈસ ફુગાઁ મેં,**
**મોહર્રમ આયા.......**
**દમે અઝા હૈ ગવાહ ખુદા હૈ,**
**જો ઝી વલા હૈ વો ગમઝદા હૈ,**
**યહી સદા હૈ સબ ઈન્સો જાઁ મેં,**
**મોહર્રમ આયા.......**
**અઝીઝો માતમ કી હૈ યે મૌસમ,**
**હો ચશ્મે પુરનમ બહાવો કુલઝમ,**
**અરે તુમ ઈસ દમ હો કિસ ધ્યાઁ મેં,**
**મોહર્રમ આયા....**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.